વ્રજદેશ ગિરિરાજ રાજે

શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિગ્રંથમાળા : પુષ્પ-૫



॥ શ્રીદ્વારકેશો જયતિ ॥
॥ હરિદાસવર્ય શ્રીગિરિરાજગોવર્ધનાય નમઃ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિગ્રંથમાળા : પુષ્પ-૫

વ્રજદેશ ગિરિરાજ રાજે

શબ્દ-સંકલન
પ્રા. રમેશભાઈ વિ. પરીખ

છબીકલા
નવનીતભાઈ સી. શાહ (અમેરિકા)

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમાની સામે, **મહેસાણા - ૩૮૪ ૦૦૨**
ફોન : ૦૨૭૬૨-૨૪૨૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

પ્રથમ આવૃત્તિ : ઓક્ટોબર, ૧૯૯૮
બીજી આવૃત્તિ : ઓક્ટોબર, ૧૯૯૯
ત્રીજી આવૃત્તિ : માર્ચ, ૨૦૦૫

પ્રાપ્તિસ્થાન
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
(ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, પહેલા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦૦૦૨
ફોન : (ઓ) (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) (૦૨૨) ૨૩૬૯૩૮૨૧, ૨૩૬૯૦૯૩૦
ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

●

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
(રૂબરૂમાં અને પોસ્ટથી)
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમાની સામે, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : ૦૨૭૬૨-૨૪૨૩૫૩ ● **ફેક્સ :** ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૩૦/-

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ
૧૩, જી.આઈ.ડી.સી., ફેઝ-૨, દેદીયાસણ, મહેસાણા-૨

અનુક્રમણિકા

ક્રમાંક	સ્થળનું નામ	પૃષ્ઠ ક્રમાંક
૧.	જતિપુરા	૭
૨.	શ્રીગિરિરાજબાવાનું મુખારવિંદ	૯
૩.	શ્રીગિરિરાજજીનું પૂજન	૧૧
૪.	સુંદરશિલાનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી	૧૩
૫.	શ્રીનાથજીનું પ્રાચીન મંદિર	૧૫
૬.	શ્રીનાથજીનું નવું મંદિર	૧૭
૭.	દંડવતી શિલા	૧૯
૮.	શ્રીગોકુલનાથજીનું મંદિર	૨૧
૯.	જાન-અજાન વૃક્ષ	૨૩
૧૦.	બિલછુ કુંડ	૨૫
૧૧.	ઉદ્ધવ કુંડ	૨૭
૧૨.	રાધાકૃષ્ણ કુંડ	૨૯
૧૩.	કુસુમ સરોવર	૩૧
૧૪.	નારદ કુંડ	૩૩
૧૫.	ગ્વાલ પોખરા અને કિલ્લોલ કુંડ	૩૫
૧૬.	માનસીગંગા	૩૭
૧૭.	શ્રીહરિદેવજીનું મંદિર	૩૯
૧૮.	શ્રીચક્રેશ્વર મહાદેવ	૪૧

ક્રમાંક	સ્થળનું નામ	પૃષ્ઠ ક્રમાંક
૧૯.	શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના બેઠકજી (માનસીગંગા)	૪૩
૨૦.	દાનઘાટી	૪૫
૨૧.	ચંદ્રસરોવર	૪૭
૨૨.	શ્રીચંદ્રસરોવર પરના શ્રીબેઠકજીઓ	૪૯
૨૩.	આન્યોર	૫૧
૨૪.	આન્યોરનાં બેઠકજી	૫૩
૨૫.	ગોવિંદ કુંડ	૫૫
૨૬.	ગોવિંદ કુંડનાં બેઠકજી	૫૭
૨૭.	તળેટીમાં આવેલી કુંજ-નિકુંજો	૫૯
૨૮.	નવલ કુંડ અને અપ્સરા કુંડ	૬૧
૨૯.	પૂછરીના લોઠા	૬૩
૩૦.	શ્રીઢૂંકેદાઉજીનું મંદિર	૬૫
૩૧.	સુરભિ કુંડ	૬૭
૩૨.	છપ્પનભોગનું સ્થાન	૬૯
૩૩.	ગોવિંદસ્વામીની કદંબખંડી	૭૧
૩૪.	હરજી કુંડ	૭૩
૩૫.	ગોસ્વામી બાળકોના તુલસીક્યારા	૭૫
૩૬.	રુદ્ર કુંડ	૭૭
૩૭.	શ્રીગુસાંઈજીનું લીલા પ્રવેશદ્વાર	૭૯

ગિરિવરકી પરિક્રમ્મા દેઉ

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે - "જ્ઞાતે કૃત્વા મહાન્ રસઃ" જાણીને કરવાથી વધુ આનંદ આવે.

શાસ્ત્ર કહે છે - કલિયુગમાં અવગુણો અપાર, પણ એક બહુ મોટો ગુણ, મનમાં કરેલા ધર્મકાર્યનું પણ એટલું જ ફળ મળે, જેટલું શરીરથી કરેલા ધર્મકાર્યનું મળે!

વૈષ્ણવમાત્રની કાયમી અભિલાષા હોય - શ્રીગિરિરાજબાવાની પરિક્રમા કરવાની. વ્રજમાં જનાર તો કરે જ, દંડવતી કરનારને જોઈને એવો પણ મનોરથ થાય. દૂધની ધારાવહી સાથે કરનારને જોઈને એવો ય મનોરથ થાય. ચાલી ન શકનારને ચાલીને કરવાની ઈચ્છા થાય.

પરંતુ કાયમ વ્રજમાં રહેવાનું સૌભાગ્ય ઓછું મળે?

તો શું કરવું?

શ્રીહરિરાયજીએ ઉપાય બતાવ્યો - "મનસા ભાવયેન્નિત્યં." નિત્ય મનથી પરિક્રમાની ભાવના કરવી.

ચર્મચક્ષુ મીંચી, એકાંતમાં સ્વસ્થતાથી બેસવું. મનચક્ષુ ખોલવાં. શ્રીગિરિરાજબાવા અને એમની તળેટીનાં લીલાસ્થાનોનું મનચક્ષુથી દર્શન કરતાં, એ સ્થાનોની લીલાનું ચિંતન કરતાં માનસિક ધ્યાનમાં પરિક્રમા કરવી.

એ માટે આ સચિત્ર પુસ્તક છે.

ફોટોગ્રાફ માટે અમેરિકા - ન્યુજર્સીસ્થિત શ્રીનવનીતભાઈ શાહનો અપરંપાર ઋણી છું.



જતિપુરા

ભારતમાં ઉત્તરભારતનું એક રાજ્ય. તેનું એક શહેર મથુરા. ટ્રેન, બસથી જવાય. ભારતની સાત પવિત્ર નગરીમાંનું એક. ત્યાંથી અઢાર કિ.મી. દૂર ગોવર્ધન ગામ. શ્રીકૃષ્ણજન્મસ્થાન પાસેથી ડામરની પાકી સડક ગોવર્ધન જાય.

ગોવર્ધન - દાનઘાટી પાસેથી ડામરની પાકી સડક જતિપુરા જાય. ત્રણ-ચાર કિ.મી.નું અંતર.

શ્રીગુસાંઈજીના સમયમાં તે વસ્યું. ત્યારે એનું નામ ગોપાલપુર. શ્રીનાથજીના મંદિરના કારણે તે વિકસતું ગયું.

શ્રીગુસાંઈજીના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીને સૌ ''જતિજી'' કહેતા. તેમના નામ પરથી જતિપુરા નામ પડ્યું.

શ્રીમહાપ્રભુજીના વિદ્યાગુરુ માધવેન્દ્ર સરસ્વતી. તેઓ બંગાળના. શ્રીકૃષ્ણ ચૈતન્ય તેમના શિષ્ય. માધવેન્દ્રજીએ પાછલી જિંદગી વ્રજમાં વિતાવી. એમના બંગાળી સેવકોને શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીની સેવામાં રાખેલા. તે બધા આ ગામમાં રહેતા. માધવેન્દ્રજીને તેઓ ''જતિબાવા'' કહેતા. તેમના નામ પરથી ''જતિપુરા'' નામ પડ્યું, એવો પણ એક મત છે.

અહીં શ્રીગિરિરાજજીનું મુખારવિંદ બિરાજે છે. ત્યાં જવા, તેના પ્રવેશદ્વાર સમો ભવ્ય દરવાજો બન્યો છે. તે દરવાજેથી આપણે તળેટીમાં મુખારવિંદ સન્મુખ જઈએ.



શ્રીગિરિરાજબાવાનું મુખારવિંદ

શ્રીગિરિરાજજીની જે શિલાને વૈષ્ણવો દૂધથી સ્નાન કરાવી, પૂજન કરી, ભોગ ધરે છે, તે 'સુંદર શિલા' અથવા 'મુખારવિંદ'ના નામથી પ્રસિદ્ધ છે.

તે શિલાની નીચે ચરણારવિંદની ભાવનાથી બે નાની શિલાઓ છે.

શ્રીગિરિરાજબાવા સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ છે. આપણા કુળદેવતા છે. સાક્ષાત શ્રીનાથજીનું જ બીજું સ્વરૂપ છે.

શ્રીગિરિરાજબાવાનું બીજું સ્વરૂપ હરિદાસવર્ય - પરમ ભગવદીયનું છે. તેઓ ગોચારણ માટે પધારતા શ્રીઠાકોરજીની સેવામાં તત્પર રહે છે. ત્યાંના વનનાં ભીલસ્ત્રીઓ - પુલિંદિનીઓ તેમના સત્સંગથી શ્રીઠાકોરજીનાં કૃપાપાત્ર બન્યાં છે. તેઓ તેમના દાસના સકલ મનોરથપૂરક છે.

અલૌકિક સ્વરૂપે તેઓ સદા સાત વર્ષના સાંવરા પણ અતિ સુંદર છે. તેમને લાલ રંગ ખૂબ પ્રિય છે. લાલ ધોતી, લાલ ઉપરણો, લાલ પાઘ, લાલ લકુટિ અને વનમાળા - એમનો શૃંગાર છે.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે - જે શ્રદ્ધાથી શ્રીગિરિરાજજીની સતત ત્રણ પરિક્રમા કરે, તેને શ્રીગિરિરાજજી ગ્વાલ, ગાય, સર્પ અને સિંહના અલૌકિક સ્વરૂપે દર્શન આપે.

આવો, શ્રીગિરિરાજબાવાનાં મંગળા સમયનાં દર્શન કરીએ.



શ્રીગિરિરાજજીનું પૂજન

મંગળાઆરતી બાદ શ્રીગિરિરાજજીનું પૂજન શરૂ થાય. પૂજન બાદ પરિક્રમાનો પ્રારંભ થાય. પૂજનનો પ્રકાર શ્રીકૃષ્ણે વ્રજવાસીઓને બતાવેલો. પૂજન શાંતિથી, શ્રદ્ધાથી, સ્નેહથી અને શ્રીગિરિરાજજીને સુખ થાય - શ્રમ ન થાય તેમ કરવું.

સૌ પહેલાં મુખારવિંદની સામે શ્રીબેઠકજીમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીને દંડવત કરી, હાથ જોડી, પૂજનની આજ્ઞા માગવી.

પછી શ્રીગિરિરાજજીને દંડવત કરી, હાથ જોડી, આજ્ઞા માગવી.

ત્યાર બાદ માનસીગંગાના જળનો ભાવ કરી, જળની લોટીથી ધીમી ધારે સ્નાન કરાવવું. પછી દૂધથી ધીમી ધારે સ્નાન કરાવવું. શક્ય હોય ત્યાં સુધી ગાયનું ઉત્તમ દૂધ વાપરવું. દૂધનું પ્રમાણ અગત્યનું નથી. જેટલો મનોરથ હોય, તેમ કરવું. પછી ફરી જળથી સ્નાન કરાવતાં, કોમળ હાથ શ્રીઅંગ પર ફેરવવો. સ્નાન બાદ, કોમળ, કોરા, સુતરાઉ વસ્ત્રથી શ્રીઅંગ મુલાયમતાથી પોંછવું.

ઋતુ અનુસાર અત્તર સમર્પવું. ધોતી - ઉપરણા ધરવા. કંકુથી તિલક અને કમળપત્ર કરવાં. પુષ્પમાળા ધરાવવી.

પછી હાથ ધોઈ, ઝારીજી ભરી, ડાબી બાજુ પધરાવવાં. ચરણારવિંદ પાસેની ભૂમિ જળથી ખાસા કરી, યથાશક્તિ દૂધઘરની સામગ્રીઓનો ભોગ ધરવો. ચરણસ્પર્શ કરી, હાથ જોડી, શ્રીમહાપ્રભુજીની કાનિથી આરોગવા વિનંતી કરી, દંડવત કરવાં.

ભોગ સરાવી, શ્રીમહાપ્રભુજીની બેઠકે ધરવો.

પછી શ્રીમહાપ્રભુજી અને શ્રીગિરિરાજજીની આજ્ઞા લઈને પરિક્રમા શરૂ કરવી.



સુંદરશિલાનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી

શ્રીમહાપ્રભુજી દામોદરદાસ હરસાની સાથે અહીં પધારેલા. છોંકર (ખીજડો - શમી)ના વૃક્ષ નીચે અહીં બિરાજી, સાત દિવસ શ્રીભાગવતપારાયણ કરેલું.

તે દરમ્યાન એક દિવસ બપોરે દમલાજીના ખોળામાં મસ્તક રાખી, નેત્રો મીંચી, શ્રીમહાપ્રભુજી લીલાચિંતન કરતા પોઢ્યા હતા, ત્યારે પર્વત પરના મંદિરમાંથી શ્રીનાથજી પર્વત ઉતરી શ્રીમહાપ્રભુજી પાસે પધારે છે એવાં દર્શન દમલાજીને થયાં.

શ્રીમહાપ્રભુજીને લીલાચિંતનમાં વિક્ષેપ ન થાય, એમ વિચારી દમલાજીએ શ્રીનાથજીને હાથના ઈશારે, અધવચ્ચે રોક્યા. શ્રીનાથજી રોકાઈ ગયા.

શ્રીમહાપ્રભુજીએ નેત્રો ખોલ્યાં. બેઠા થયા. શ્રીનાથજી પાસે પધાર્યા. દમલાજીએ શ્રીનાથજીને શ્રમ કરાવ્યાનું જાણી, શ્રીમહાપ્રભુજીએ દમલાજીને ઠપકો આપ્યો; ત્યારે શ્રીનાથજીએ દમલાજીનો પક્ષ લીધો.

“શ્રીસર્વોત્તમ સ્તોત્ર”માં શ્રીમહાપ્રભુજીનું એક નામ છે - “ગોવર્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલાપ્રેમપૂરિત:” - શ્રીમહાપ્રભુજીને શ્રીગિરિરાજજી પાસે બિરાજવું ઘણું ગમે છે અને તેઓ શ્રીગોવર્ધનલીલાના પ્રેમમાં ચકચૂર છે.

સુંદરશિલાનાં આ શ્રીબેઠકજીએ શ્રીમહાપ્રભુજીને દંડવત.

બાજુમાં પૂર્વે થઈ ગયેલા તિલકાયત શ્રીબડે દાઉજી મહારાજનાં બેઠક છે. ત્યાં દર્શન - દંડવત કરીએ.



શ્રીનાથજીનું પ્રાચીન મંદિર

શ્રીગિરિકંદરામાંથી ઈ. સ. ૧૪૦૮માં શ્રાવણ સુદ પાંચમે શ્રીનાથજીનાં ઉર્ધ્વભૂજાનાં દર્શન આન્યોરના વ્રજવાસીઓને થયાં. શ્રીનાથજીની આજ્ઞાથી, તેમણે શ્રીઉર્ધ્વભૂજાનું પૂજન શરૂ કર્યું.

ઈ. સ. ૧૪૭૮માં ચૈત્ર વદ અગિયારસે ગિરિકંદરામાં ગુપ્ત બિરાજતા શ્રીનાથજીએ આન્યોરના વ્રજવાસીઓને પોતાના મુખારવિંદનાં દર્શન કરાવ્યાં.

શ્રીનાથજીની બિહારના ઝારખંડમાં થયેલી આજ્ઞાથી ઈ. સ. ૧૪૯૨ના વૈશાખ સુદ બીજે શ્રીમહાપ્રભુજી આન્યોર પધાર્યા. બીજા દિવસે - વૈશાખ સુદ ત્રીજે સવારે શ્રીગિરિરાજ પર પધાર્યા. પૃથ્વી પર શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનું પ્રથમ મધુર મિલન થયું.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી આન્યોરના વ્રજવાસીઓએ શ્રીગિરિરાજ પર વિના વિલંબે તત્કાળ ઈંટ - માટીનું નાનું પણ સુંદર મંદિર શ્રીનાથજી માટે બનાવ્યું.

શ્રીમહાપ્રભુજીએ વ્રજવાસીઓની મદદથી શ્રીનાથજીના સ્વયંભૂ પ્રકટ થયેલા સ્વરૂપને ગિરિકંદરામાંથી બહાર પધરાવ્યું. નવનિર્મિત મંદિરમાં શ્રીનાથજીને પાટ પધરાવ્યા. પંચામૃત સ્નાન કરાવી, સફેદ ધોતી-ઉપરણા-પાગ ધરી, ગુંજામાળા અને મોરપિચ્છનો શૃંગાર કર્યો. પોતે સામગ્રી બનાવી, ભોગ ધર્યો. સેવા પ્રકાર ચાલુ કર્યો.

તે પ્રાચીન મંદિર અતિ જીર્ણ સ્થિતિમાં શ્રીગિરિરાજજી પર છે. તેને આપણે વંદન કરીએ.



શ્રીનાથજીનું નવું મંદિર

પંજાબના અંબાલા શહેરના પૂર્ણમલ્લ નામના શ્રદ્ધાળુ શ્રીમંત વેપારીને શ્રીનાથજીએ નવું મંદિર બનાવવા ઈ. સ. ૧૪૯૯માં આજ્ઞા કરી.

પૂર્ણમલ્લ વ્રજમાં આવ્યા. શ્રીમહાપ્રભુજીના સેવક થઈ, આજ્ઞા લીધી. આગ્રાના હીરામણિ નામના સ્થપતિ પાસે નકશો બન્યો. ઈ. સ. ૧૪૯૯ના વૈશાખ સુદ ત્રીજે પાયો નંખાયો. મંદિરના નિર્માણમાં પૂર્ણમલ્લની એક લાખ સોનામહોર વપરાઈ. છતાં મંદિર અધૂરું રહ્યું. ફરી કમાવા ગયા. વીસ વર્ષ પછી બીજી ત્રણ લાખ સોનામહોર કમાઈ લાવ્યા. ઈ. સ. ૧૫૧૯માં મંદિર પૂરું થયું. તે વર્ષમાં વૈશાખ સુદ ત્રીજે શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને તેમાં પાટ પધરાવ્યા.

શ્રીનાથજીનું આ મંદિર ભવ્ય, ચાર ચોકનું હતું. શ્રીનાથજીની ઈચ્છાથી તે શિખરબંધ બન્યું. શિખર પર સુદર્શન ચક્ર અને સાત ધજાઓ હતાં.

શ્રીનાથજી તેમાં ૯૦ વર્ષ બિરાજ્યા. મોગલોનો ઉપદ્રવ વધતાં, તેનું બહાનું જગતને બતાવી, મેવાડ - સિંહાડનાં રાજરમણી અજબકુંવરબાઈને આપેલું વચન પાળવા, ઈ. સ. ૧૬૬૯ના આસો સુદ પૂનમે, રથમાં બિરાજી, શ્રીનાથજીએ વ્રજ છોડ્યું.

હાલ શ્વેત વર્ણના આ મંદિરના બચેલા ભાગનાં દર્શન તળેટીમાંથી થાય છે. તેમાં શ્રીનાથજીનાં ચરણચોકી બિરાજે છે. સૂક્ષ્મ સેવાપ્રકાર ચાલે છે.

ત્યાં શ્રીમહાપ્રભુજીનાં ગુપ્ત બેઠકજી પણ છે.



દંડવતી શિલા

પરિક્રમાના માર્ગમાં મુખારવિંદથી નજીકમાં દંડવતી શિલા છે. દંડવતી શિલાની પહેલાં ડાબા હાથે હાલ શ્રીસર્વોત્તમ કુંજ છે. ત્યાં પહેલાં શ્રીમથુરાનાથજીનું મંદિર હતું. શ્રીગુસાંઈજીના સમયમાં શ્રીગુસાંઈજીનો પરિવાર શ્રીનાથજીની સેવામાં પધારે, ત્યારે અહીં બિરાજતો. અહીં શ્રીગુસાંઈજી અને તેમના જ્યેષ્ઠ કુમાર શ્રીગિરિધરજીનાં બેઠકજી પ્રગટ હતાં. અહીં શ્રીગુસાંઈજીએ શ્રીગિરિધરજીને અને શ્રીશોભાબેટીજીને દિવ્ય દૃષ્ટિ આપીને, શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીને આરોગાવેલ પ્રથમ અન્નકૂટનાં દર્શન કરાવેલાં.

શ્રીનાથજી મેવાડ પધાર્યા ત્યારે દંડવતી શિલા સાડા પાંચ ફૂટ ઊંચાં હતાં. આજે જમીનમાં સમાઈ જવાથી, આજુબાજુ ખાડો બનાવી, તેમનાં દર્શન કરાવાય છે. શ્રીગિરિરાજજી દરરોજ તલભર ઘટે છે, તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે.

શ્રીમહાપ્રભુજીના સમયથી શ્રીનાથજીની સેવા માટે શ્રીગિરિરાજજી પર પધારતાં શ્રીવલ્લભકુળના આચાર્યો અને વૈષ્ણવો અહીં દંડવત કરી, શ્રીગિરિરાજજીની આજ્ઞા લઈ, અપરાધની ક્ષમા માગતા. તેથી તેનું નામ દંડવતી શિલા છે.

ભગવદીયોના અનુભવ પ્રમાણે, આ શિલા શ્રીગિરિરાજજીનાં ચરણકમળ સ્વરૂપ છે. ચરણકમળમાં ભક્તિ બિરાજે છે. તેથી અહીં દંડવત કરી, પરિક્રમા કરવાથી દીનતા-દાસભાવપૂર્ણ પ્રેમ-લક્ષણા પુષ્ટિભક્તિનું દાન શ્રીગિરિરાજબાવા કૃપા કરીને કરે છે.



શ્રીગોકુલનાથજીનું મંદિર

દંડવતી શિલાની સામે દરવાજો છે. તે નગારખાનાનો દરવાજો કહેવાય છે. પ્રાચીન સમયમાં ત્યાં ચોઘડિયાં વાગતાં. તેમાં થઈને પરિક્રમાના માર્ગે જઈ શકાય.

બાજુમાં શ્રીગોકુલનાથજીનું મંદિર છે. ભવ્ય, સુંદર, વિશાળ છે. શ્રીગોકુલનાથજી પ્રભુનું સ્વરૂપ શ્રીગિરિરાજધારણલીલાનું છે. આપશ્રી કાયમ શ્રીમદ્ ગોકુળમાં બિરાજે છે. દિવાળીમાં શ્રીગોવર્ધનપૂજનનો પહેલો અધિકાર તેમનો છે, તેથી આપશ્રી શ્રીમદ્ ગોકુળથી અહીં પધારે, ત્યારે આ મંદિરમાં બિરાજે છે. શ્રીગોવર્ધનપૂજન કરી, અહીં અન્નકૂટ આરોગે છે.

આ મંદિરમાં શ્રીગુંસાઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલેશ પ્રભુનાં શ્રીબેઠકજી બિરાજે છે. તેમની નિત્ય સેવા થાય છે. દર્શન પણ થાય છે.

ત્રવાડી (ત્રિવેદી)નામના એક સેવકે તેમના ઉદરનિર્વાહ માટે એક દિવસ ખીચડી રાંધી. ધ્યાન બહાર થોડું વધુ મીઠું એમાં પડી ગયું. તેમણે ભોજન કરી લીધું.

તેઓ શ્રીગોકુલેશ પ્રભુની ખવાસી કરતા. તે દિવસે બપોર પછી શ્રીગોકુલેશ પ્રભુએ વારંવાર જળની લોટી આરોગી. ત્રવાડીએ કારણ પૂછયું. આપશ્રીએ આજ્ઞા કરી : ''તેં મને માનસીભાવથી ખીચડી આરોગાવી. મેં આરોગી. લૂણ વધારે હોવાથી તરસ વધારે લાગે છે. સામગ્રી સાવધાનીથી બનાવવી, જેથી તત્સુખ સચવાય.''

જાન - અજાન વૃક્ષ

પરિક્રમાના માર્ગમાં ગોવર્ધન ગામ તરફ જતાં, રસ્તામાં આપણા જમણા હાથ તરફ, પરિક્રમામાર્ગની પાસે જ એક પાકા બાંધેલા ચોતરા પર ચાર વૃક્ષ છે. તે જાન - અજાન વૃક્ષ તરીકે પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રીકૃષ્ણે શરદની રાતે પ્રથમ રાસોત્સવ આદિ વૃંદાવન - પરાસોલી - પરમરાસસ્થલીમાં કર્યો, ચંદ્ર સરોવર પર. ત્યારે ગોપીજનોને સૌભાગ્યમદ થવાથી, શ્રીપ્રભુ ત્યાંથી અદશ્ય થયા. વિરહાતુર ગોપીજનો શ્રીપ્રભુને શોધવા ચંદ્રસરોવરથી ગોવર્ધન થઈ, પૂછરી તરફ જતાં હતાં. માર્ગમાં તેમણે આ વૃક્ષોને પૂછ્યું : ''તમે શ્રીશ્યામસુંદરને અહીંથી જતા જોયા ?''

વૃક્ષમાં બિષ્ણુ વસે છે; તેથી વૃક્ષ વૈષ્ણવ છે - ભગવદીય છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે : ''વનસ્પતય : વૈ વૈષ્ણવા:'' - વનસ્પતિ સાચે જ વૈષ્ણવ છે. અલિખાનજીને દર્શન થયાં કે ''વૃક્ષે વૃક્ષે વેણુર્ધારી, પત્રે પત્રે ચતુર્ભુજ:' એવા શ્રીપ્રભુ બિરાજે છે.

ગોપીજનોના પ્રશ્નના જવાબમાં જે વૃક્ષોએ એમનાં મસ્તક હલાવી, હા કહી; તે જાન વૃક્ષ. જે વૃક્ષોને દર્શન નહોતાં થયાં, તેમણે મસ્તક ધૂણાવી, ના કહી. તે અજાન વૃક્ષ.

આ ભગવદીય વૃક્ષોની આપણે પરિક્રમા કરી, વંદન કરી, હૈયે લગાવીએ.



બિલછુ કુંડ

જાન - અજાન વૃક્ષોની સામેની દિશામાં; આપણા ડાબા હાથ તરફનાં ખેતરોમાં પોણા - એક કિલોમીટરના અંતરે બિલછુ કુંડ આવેલો છે.

બિલછુ એટલે વિંછીયો, અહીં સ્નાન કરતાં શ્રીરાધાજીની ચરણાંગુલીમાંથી એક વિંછીયો જળમાં સરકી ગયો. ન જડ્યો. શ્રીરાધાજી ખિન્ન થયાં. શ્રીઠાકોરજી સખીરૂપ લઈને પધાર્યા. જળમાં ડૂબકી મારી વિંછીયો શોધી આપ્યો. શ્રીરાધાજી પ્રસન્ન થયાં.

ચૂહડા નામનો એક ભંગી અહીં રહેતો. શ્રીનાથજી અહીં ખેલવા પધારતા. તેની સાથે ખેલતા. પર્વત પરના મંદિરની બારીમાંથી તેને દર્શન આપતા, તેના પર અઢળક કૃપા રાખતા.

એક ભોળા યુવાન વ્રજવાસીએ શ્રીગુસાંઈજીને પૂછ્યું : ''મેરે ઠાકુર કો કહા નામ?'' શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી : ''પરે'' (દૂર રહે) તેણે માની લીધું 'પરે' નામ છે. તેણે આ કુંડમાં સ્નાન કરી, દાળબાટી બનાવી, બે પાતળ પીરસી. પરે સ્વરૂપે શ્રીનાથજી પધાર્યા. ભોજન કર્યું. ખેલ્યા. તે આ સ્થળ.

શ્રીનાથજીના મંદિરના અધિકારીજી અને અષ્ટછાપમંડળના ભક્તકવિ કૃષ્ણદાસજી અહીં શ્યામતમાલના વૃક્ષ નીચે રહેતા. શ્રીઠાકોરજીની લીલાઓનાં તેમને દિવ્ય દર્શન થતાં. એનું અવગાહન કરી, તેવાં પદ રચતા અને ગાતા. એમનું દ્વાર અહીં છે, શ્રીગિરિરાજજીનાં આઠ દ્વારમાંનું એક.



ઉદ્ધવકુંડ

ગોવર્ધન ગામના ગોંદરે બે રસ્તા ફંટાય છે. ડાબા હાથ તરફનો રસ્તો નવકોશી પરિક્રમાનો છે. તે રસ્તે જતાં આગળ ઉદ્ધવકુંડ આવે છે. લાલ પથ્થરોથી કલાત્મક રીતે બાંધેલો છે. ત્યાં ઉદ્ધવજીનું મંદિર પણ છે.

શ્રીકૃષ્ણની આજ્ઞાથી ઉદ્ધવજી વ્રજમાં આવ્યા. ગોપીઓને જ્ઞાનયોગ શિખવાડવા જતાં, ગોપીઓ પાસેથી પ્રેમભક્તિયોગ શીખ્યા. ગોપીઓને ગુરુ બનાવી વંદન કર્યાં. તેમણે માગ્યું કે મારો બીજો જન્મ વ્રજમાં નાના છોડ, લતા, કે મોટા છોડરૂપે થાય, જેથી ગોપીઓની ચરણરજ મને સતત લાગતી રહે.

ઉદ્ધવજી ઉદ્ધવકુંડના સ્થાનમાં વનસ્પતિ સ્વરૂપે સદા બિરાજમાન છે. ભક્તોની ચરણરજથી પ્રસન્ન બને છે. જ્ઞાનયોગીમાંથી ભક્તિયોગી બનેલા ઉદ્ધવજી અહીં એમના અલૌકિક સ્વરૂપથી શ્રીકૃષ્ણનું નામસંકીર્તન કરે છે.

પરિક્રમા કરનાર વૈષ્ણવ ઉદ્ધવકુંડના જળનું આચમન અને માર્જન કરે છે. ઉદ્ધવજીને વંદન કરે છે. ઉદ્ધવજી પાસે ભગવાનની પ્રેમલક્ષણાભક્તિ માગે છે. પ્રેમભક્તિયોગી ગોપીજનોને અહીં વંદન કરે છે.



રાધાકૃષ્ણ કુંડ

ઉદ્ધવકુંડથી આગળ જતાં રાધાકુંડ નામનું ગામ આવે છે. ત્યાં રાધાકૃષ્ણકુંડ આવેલા છે.

બંને કુંડ અંદરથી એકબીજા સાથે જોડાયેલા છે. બહારથી અલગ દેખાય છે. રાધાકુંડ લંબચોરસ છે. કૃષ્ણકુંડ થોડો વાંકોચૂકો છે. શ્રીકૃષ્ણે તેમની બંસીથી જે કુંડ ખોદ્યો તે કૃષ્ણકુંડ. શ્રીરાધાજીએ તેમના નખથી ખોદ્યો તે રાધાકુંડ. આ બંને કુંડની ભીતર રત્નજડિત નિકુંજો છે. તેમાં શ્રીયુગલ સ્વરૂપ બિરાજે છે.

બળદનું રૂપ લઈને આવેલા અરિષ્ટાસુરને ભગવાને માર્યો. તેનું પાપ ધોવા એકસો આઠ તીર્થોને આ કુંડમાં બોલાવ્યાં. તેમાં શ્રીકૃષ્ણે ગાય-ગોપ-ગોપીઓ સાથે સ્નાન કર્યું. તેથી અહીં સ્નાનનો મહિમા છે.

શ્રીકૃષ્ણકુંડ પર વલ્લભઘાટ છે. ત્યાં આગળના ભાગમાં શ્રીમહાપ્રભુજીનાં સંધ્યાવંદનનાં શ્રીબેઠકજી છે. તેની બાજુમાં અંદરના ભાગે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીનાં બેઠકજી પાસપાસે બિરાજે છે.

રાધાકૃષ્ણકુંડની આજુબાજુના વિસ્તારમાં આઠ સખીઓના આઠ કુંડ હતા. (૧) લલિતાકુંડ (૨) વિશાખાકુંડ (૩) ચંદ્રભાગાકુંડ (૪) ચંપકલતાકુંડ (૫) ચંદ્રાવલીકુંડ (૬) બહુલાકુંડ (૭) સંધ્યાકુંડ (૮) ચિત્રાકુંડ. આજે માત્ર લલિતાકુંડ પ્રગટ છે. અહીં શ્રીઠાકોરજી ગોપીજનો સાથે ઝૂલે ઝૂલ્યા છે.



કુસુમ સરોવર

સફેદ પથ્થરોથી બંધાયેલું આ કલાત્મક વિશાળ રમણીય સરોવર છે. અહીંનું દૃશ્ય મનોહર છે. તેના સામે કાંઠે ભરતપુરના રાજાએ બંધાયેલ કલાત્મક ભવન છે. આ સ્થાનનો કુસુમાવન અને કુસુમોખર પણ કહેવામાં આવે છે.

અહીં શ્રીમહાપ્રભુજીને શ્રીઉધ્ધવજી તેમના આધિદૈવિક સ્વરૂપે મળ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ તેમને ભ્રમરગીતના એક શબ્દનું રહસ્ય ઊભાં-ઊભાં સતત છત્રીસ કલાક સંભળાવ્યું હતું.

અહીંથી શ્રીગિરિરાજજીનાં ફરી દર્શન થાય છે.

રાસમાંથી શ્રીકૃષ્ણ એક ગોપીને સાથે લઈ અદૃશ્ય થયા. તેઓ અહીં પધાર્યા. અહીં તેમણે પોતાના હસ્તથી તે ગોપીને ફુલના શૃંગાર કર્યા.

આ સરોવરમાં એક વખત બધાં ગોપી કમળરૂપ બન્યાં. શ્રીકૃષ્ણ ભ્રમર બન્યા. પછી લીલા થઈ.

અહીં ભગવાનના પ્રપૌત્ર વ્રજનાભજી ભગવાનની એક હજાર રાણીઓને સાથે લઈ વ્રજયાત્રા કરતા આવ્યા હતા. ઉદ્ધવજીએ તેમને અહીં છ માસ સુધી શ્રીભાગવતની કથા સંભળાવી હતી. તેમાં નારદજીએ નૃત્ય કર્યું હતું.

નારદ કુંડ

કુસુમ સરોવરથી સ્હેજ આગળ ડાબા હાથ તરફ નાનકડી પગરસ્તાની કેડી પરથી નારદકુંડ જવાય છે. નારદજીએ અહીં ભગવાનનાં દર્શન કરવા ઉગ્ર તપ કર્યું હતું. તેમને વૃંદાદેવીએ દર્શન આપ્યાં. કૃષ્ણલીલાનાં દર્શનની નારદજીની ઉત્સુકતા જાણી, માધવી સખીએ નારદજીને કુસુમ સરોવરમાં સ્નાન કરાવ્યું, તેથી નારદજી સ્ત્રીરૂપ થયા. પછી માધવી સખી તેમને શ્રીકૃષ્ણ પાસે લઈ ગયાં. શ્રીકૃષ્ણલીલાનાં દર્શન કરાવ્યાં. પછી ફરી સરોવરના કિનારે લાવી તેમાં સ્નાન કરાવ્યું. એટલે તેઓ સ્ત્રી મટી પાછા પુરુષ થઈ ગયા. ત્યારથી કૃષ્ણલીલાનો રસ વધુ માણવા માટે તેઓ નારદકુંડ ઉપર વૃક્ષ રૂપે રહી તપ કરે છે અને નિત્ય લીલાનાં દર્શન કરે છે.

નારદકુંડ ઉપર નારદજીનાં દર્શન છે.

ગ્વાલ પોખરા અને કિલ્લોલકુંડ

નારદકુંડથી થોડેક દૂર ગ્વાલ પોખરા છે. પોખરા એટલે નાનું તળાવ. અહીં શ્રીગિરિરાજજીનાં રત્નસિંહાસનશિલા છે. તેના પર બિરાજી શ્રીકૃષ્ણે ગ્વાલબાળકો સાથે છાક આરોગવાની લીલા કરી હતી. તે સમયે બધાં બાળકોને શ્રીગિરિરાજજીની શિલાનાં રત્નજડિત સ્વરૂપે દર્શન કરાવ્યાં હતાં. એમ કહેવાય છે કે આ તળાવ ગ્વાલ સખાઓએ પોતપોતાની બંસીથી ખોદ્યું હતું.

ગ્વાલ પોખરા જતાં રસ્તામાં શ્યામ તલાઈ અને શ્યામ કુટિ આવે છે.

ગ્વાલ પોખરાથી આગળ જતાં કિલ્લોલકુંડ આવે છે. આ કુંડ લાલ રંગના પાકા પથ્થરનો બાંધેલો વિશાળ કુંડ છે. ત્યાં કિલ્લોલબિહારીજીનું મંદિર છે. ત્યાં શ્રીનિમ્બાર્કાચાર્યજીની સમાધિ અને મંદિર છે. શ્રીનિમ્બાર્કાચાર્યજી ભક્તિમાર્ગના મુખ્ય પાંચ આચાર્યો પૈકીના એક હતા. કિલ્લોલકુંડ પાસે રાસ ચોતરો છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણે ગોપીજનો સાથે રાસ વિલાસ કરી ઘણો કિલ્લોલ કર્યો હતો. તેથી આ કુંડનું નામ કિલ્લોલકુંડ પડ્યું છે.

અહીંથી ગોવર્ધનગામ તરફ જવાય છે.



માનસીગંગા

ગોર્વધનગામમાં માનસીગંગા છે. તેની ત્રણેય બાજુએ ઉત્તમ પ્રકારના સ્થાપત્યકલાથી સુશોભિત પથ્થરના પાકા બાંધેલા ઘાટ છે. ચોથી બાજુએ શ્રીગિરિરાજજી છે. માનસીગંગાની વચ્ચે પણ શ્રીગિરિરાજજી બિરાજે છે.

શ્રીકૃષ્ણે વત્સાસુરને માર્યો, ત્યારે સખાઓએ કહ્યું કે તમે ગૌવંશ વધ કર્યો છે. તેના દોષમાંથી શુદ્ધ થવા માટે તમારે ગંગાસ્નાન કરવું પડશે. ત્યારે શ્રીકૃષ્ણે પોતાના મનમાંથી ગંગાજીને પ્રગટ કર્યાં અને તેમાં સ્નાન કર્યું. તે જ આ માનસીગંગા છે. ભગવાનના મનમાંથી પ્રગટ થયાં, માટે માનસીગંગા કહેવાયાં.

અહીં પીંપળના વૃક્ષ નીચે નંદદાસજી રહેતા હતા. તેથી અહીં શ્રીગિરિરાજજીનું દ્વાર છે.

અહીં ભરતપુરના રાજાએ એક ખાસ મહેલ બનાવ્યો છે. તેમાં પથ્થરનું નકશીકામ, ચિત્રકામ અને બાંધકામ જોવાલાયક છે. દર વર્ષે દિવાળીના દિવસે અહીં મોટો મેળો ભરાય છે. રાતે ભાવિકો સેંકડો મણ ઘીના દીવા કરી ઘાટ ઉપર અને જળમાં તરતા મૂકે છે. તેના પ્રકાશથી માનસીગંગા જાણે સોનાનાં લાગે છે! દિવાળીની મધરાતે માનસીગંગામાં સ્નાન કરવાનો મોટો મહિમા છે.

પુરાણોમાં લખ્યું છે કે માનસીગંગા દૂધમય છે. જે છ મહિના સુધી નિયમપૂર્વક તેમાં સ્નાન કરે છે, તેને માનસીગંગાનાં દૂધસ્વરૂપે દર્શન થાય છે.



શ્રીચક્રેશ્વર મહાદેવ (માનસીગંગા)

માનસી ગંગાના કિનારે શ્રીહરિદેવજીનું સુંદર ભવ્ય મંદિર છે. તે વિશે અહીંના વ્રજવાસીઓમાં ચાર પંક્તિઓ બહુ જાણીતી છે.

માનસીગંગા શ્રીહરિદેઉ,
શ્રીગિરિવર કી પરકમ્મા દેઉ,
કુંડ કુંડ ચરનામૃત લેઉ,
અપનો જનમ સુફલ કરિ લેઉ.

એમ કહેવાય છે કે શ્રીકૃષ્ણના પ્રપૌત્ર શ્રીવજ્રનાભજીએ આ મંદિર બંધાવ્યું હતું. તેમાં શ્રીહરિદેવજીના સુંદર સ્વરૂપની સ્થાપના કરી હતી. વિ.સં. ૧૬૩૭ના અરસામાં તેનો જીર્ણોદ્ધાર થયો હતો. વિ. સં. ૧૭૨૬માં ઔરંગઝેબના ત્રાસથી તે મૂળ સ્વરૂપ બીજે પધરાવી લેવામાં આવ્યું હતું. ત્યાં હાલ બીજું સ્વરૂપ બિરાજે છે.

શ્રીહરદેવજીના મંદિરની નજીકમાં શ્રીગિરિરાજજીનું મંદિર છે. તેમાં મુકુટની આકૃતિનાં દર્શન થાય છે. મર્યાદાભક્તો અહીં શ્રીગિરિરાજજીને દૂધથી સ્નાન કરાવી ભોગ ધરે છે, અને પરિક્રમાનો પ્રારંભ કરે છે.

નજીકમાં બ્રહ્મકુંડ આવેલો છે. ત્યાં મનસાદેવીનું મંદિર છે. તેઓ વ્રજનાં ઐતિહાસિક લોકદેવી તરીકે પૂજાય છે. વ્રજવાસીઓ તેમને સર્પમાતા પણ કહે છે.

ગોવર્ધન ગામમાં નિવર્તકકુંડ, બ્રહ્મકુંડ, પાપમોચનકુંડ, રણમોચનકુંડ, ગોરોચનકુંડ અને ધર્મકુંડ પણ આવેલા છે.



શ્રીહરિદેવજીનું મંદિર (માનસીગંગા)

માનસીગંગાના ચક્રતીર્થ ઘાટ ઉપર શ્રીચક્રેશ્વરનું મહાદેવનું મંદિર છે તેમનો મોટો મહિમા છે.

બાજુમાં શ્રીકૃષ્ણચૈતન્યનું મંદિર છે. તેઓ અહીં છ માસ સુધી બિરાજ્યા હતા. શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા, ત્યારે બંનેનો મેળાપ થયો હતો. શ્રીમહાપ્રભુજીએ તેમને અને પોતાના વૈષ્ણવોને દિવ્ય દૃષ્ટિ આપી, દૂધમય માનસીગંગાનાં દર્શન કરાવ્યાં હતાં. શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણચૈતન્યને ભગવાનનું નામ કેટલો સમય લેવું જોઈએ એ વિશે અહીં શાસ્ત્રચર્ચા થઈ હતી.

શ્રીમહાપ્રભુજીએ અહીં બિરાજી શ્રીભાગવતનું પારાયણ કર્યું. તે સાંભળવા શ્રીચક્રેશ્વર મહાદેવ પધારતા. તેમનો એક ભક્ત નિત્ય તેમની પૂજા કરવા આવતો. તેને શ્રીમહાદેવજી સાક્ષાત દર્શન આપતા. પારાયણના સાત દિવસ તેને દર્શન ન થયાં. તેનું કારણ શ્રીમહાદેવજીએ તેને જણાવ્યું હતું.

અહીં ભાવિક ભક્તો માનસીગંગામાં સ્નાન કરે છે અથવા તેના જલનું આચમન અને માર્જન કરી માનસીગંગાની પૂજા કરે છે. તેમ કરવાથી મનવાંછિત કામનાઓ સિદ્ધ થાય, એવી શ્રદ્ધા સાંભળવા મળે છે.



શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના બેઠકજી (માનસીગંગા)

વ્રજપરિક્રમા કરતાં, શ્રીમહાપ્રભુજી અહીં પધારી, ચક્રતીર્થઘાટ ઉપર છોકરના વૃક્ષ નીચે બિરાજ્યા, તેથી આ ઘાટ વલ્લભઘાટના નામે પણ જાણીતો છે. શ્રીમહાપ્રભુજીએ અહીં માનસીગંગામાં સ્નાન કરી, શ્રીમદ્‌ભાગવતનું પારાયણ કર્યું હતું. તેથી અહીં આપશ્રીનાં બેઠકજી બિરાજે છે. સેવાપ્રકાર ચાલે છે. વૈષ્ણવો ઝારી ચરણસ્પર્શનો લાભ લે છે.

શ્રીમહાપ્રભુજી અહીં એકમાસ સુધી બિરાજ્યા હતા. તે દિવસો દરમ્યાન ગોવર્ધનમાં આવેલા સર્વ કુંડોમાં તેમણે સ્નાન કર્યું હતું. ગોવર્ધનની આજુબાજુએ આવેલાં અડીંગ, જમુનાવતા, ચંદ્રસરોવર વગેરે લીલાસ્થાનોમાં પણ પધાર્યા હતા.

વલ્લભઘાટની સામી દિશામાં મનસાદેવીના મંદિર પાસે શ્રીગુસાંઈજીનાં બેઠકજી છે. શ્રીગુસાંઈજી પણ અહીં બિરાજ્યા હતા. માનસીગંગામાં સ્નાન કરી, શ્રીભાગવત્‌નું પારાયણ કર્યું હતું.

ચક્રતીર્થ પાસે શ્રીમહાપ્રભુજીના સેવક અચ્યુતદાસ નામના બ્રાહ્મણ રહેતા હતા. તેઓ અહીંથી દરરોજ શૃંગાર સમયે શ્રીનાથજીનાં દર્શન કરવા શ્રીગિરિરાજજી ઉપર જતા. તેમણે શ્રીગિરિરાજજીની દંડવતી પરિક્રમા ત્રણ વખત કરી હતી.



દાનઘાટી (ગોવર્ધન)

ગોવર્ધનથી આન્યોર તરફ જવાના રસ્તે દાનઘાટી આવે છે. દાનઘાટીની સામેના રસ્તા પર શ્રીદાનીરાયજીનું ભવ્ય મંદિર છે. તે પણ શ્રીગિરિરાજજીના મુખારવિંદના મંદિર તરીકે પ્રસિદ્ધ છે.

દાનઘાટીના જમણા હાથે વૃક્ષોથી આચ્છાદિત શ્રીગિરિરાજજીનાં દર્શન થાય છે. ડાબા હાથે વૃક્ષોની ઘટાદાર હારમાળા છે. માર્ગ અતિ રમણીય છે.

ભાદરવા સુદ અગિયારસથી ભાદરવા વદ અગિયારસ સુધીના પંદર દિવસ દાનના દિવસ કહેવાય છે. આ માર્ગેથી ગોપીજનો દૂધદહીં વેચવા જતાં. શ્રીઠાકોરજી વ્રજના રાજા હોવાથી, ગોપીજનો પાસે દૂધદહીં વેચવાનો કર (દાણ) માગતા. શ્રીકૃષ્ણના સખાઓ સિપાઈ બનતા. ગોપીજનોને રોકી દૂધદહીંનું દાન લેતા. ગોપીજનો કંસનો ભય બતાવતા, ત્યારે શ્રીકૃષ્ણ કંસને મારવાની પ્રતિજ્ઞા કરતા. જબરદસ્તીથી દાન લેતા, મટકીઓ ફોડી નાખતા, દહીં લૂંટતા, પોતે આરોગતા, સખાઓને અને બંદરોને ખવડાવતા. તેથી આ સ્થળ દાનઘાટી કહેવાય છે.

શ્રીગુસાંઈજીના સેવક રાજા આસકરણજીને અહીં શ્રીઠાકોરજીની દાનલીલાનાં દર્શન થયાં હતાં.

અહીં શ્રીઠાકોરજી બપોરે ગોકુળથી આવેલી છાક સખાઓ સાથે આરોગતા.

વ્રજપરિક્રમા વખતે અહીં દાનલીલાનો રાસ થાય છે.



ચંદ્રસરોવર

દાનઘાટી પૂરી થતાં ડાબા હાથ તરફનો રસ્તો ચંદ્રસરોવર જાય છે. જમણા હાથ તરફનો રસ્તો આન્યોર જાય છે. ગોવર્ધન ગામમાંથી પણ સોંખ ગામ જતી સડકથી ચંદ્રસરોવર જવાય છે. ચંદ્રસરોવર આદિ વૃંદાવન છે. સારસ્વત કલ્પમાં શ્રીયમુનાજીની એક ધારા અહીંથી વહેતી હતી. તેના કિનારે શ્રીકૃષ્ણે પ્રથમ રાસ કર્યો હતો. તેથી તેને પરમરાસસ્થલી કહે છે. તેનું અપભ્રંશ પરાસોલી થયું.

મહારાસ વખતે છ માસની રાત્રિ બની. ભગવાનના મનમાંથી જન્મેલા દિવ્યચંદ્રનાં કિરણો આ સરોવર ઉપર પડવાથી તેનું નામ ચંદ્રસરોવર પડ્યું.

તે અષ્ટદલ કમળના કલાત્મક આકારનું સફેદ પથ્થરોનું બાંધેલું છે.

તેના એક ઘાટ ઉપર બેઠકો છે. તેની બરોબર સામેના ઘાટ ઉપર રાસચોતરો છે. બાજુમાં શ્રીચંદ્રબિહારીનું મંદિર છે. પૂર્વ કિનારા ઉપર કુંભનદાસજી અને ચતુર્ભુજદાસજીની બેઠક છે. ત્યાં તેમનાં સ્વરૂપ બિરાજમાન છે. પશ્ચિમ કિનારા ઉપર સૂરદાસજીની બેઠક છે. ત્યાં તેમનું સ્વરૂપ બિરાજમાન છે.

અહીં ચંદ્રકૂપ છે. બે મોટા વજનદાર પથ્થરો છે. તેને બજાવવાથી નગારા જેવો અવાજ નીકળે છે. તેને ઈંદ્રનાં નગારા કહે છે.

અહીં શ્રીમહાપ્રભુજીના સેવક યાદવેન્દ્રદાસ કુંભારે સ્વહસ્તે ખોદેલો કૂવો છે. તે કૂવાને શ્રીનાથજીના જલઘરા તરીકે ઓળખવામાં આવતો. તે જળ શ્રીનાથજીને અંગીકાર થતું.

શ્રીચંદ્રસરોવર પરનાં શ્રીબેઠકજીઓ

ચંદ્રસરોવર પર છોંકરના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજીનાં ત્રણ બેઠકજી પાસપાસે બિરાજે છે. તેમની પરિક્રમાના માર્ગમાં પાછળના ભાગે શ્રીગિરિરાજજીની બેઠક છે. સ્થળ અતિ રમણીય છે. સુંદર સેવાપ્રકાર છે.

અહીં શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવોને રાસલીલાનાં અને શ્રીગિરિરાજજીનાં સાક્ષાત દર્શન કરાવ્યાં હતાં.

બેઠકજીના બહારના ભાગના ચોકમાં શ્રીસૂરદાસજીનાં બેઠક છે. જે સૂર કૂટિ તરીકે ઓળખાય છે. શ્રીસૂરદાસજી અહીં સ્થિરવાસ કરીને રહ્યા હતા. અહીંથી જ તેમણે નિત્યલીલામાં પ્રવેશ કર્યો હતો. અહીં તેમનું સ્મારક બનાવેલું છે. આ સ્થળે જ તેમણે સવાલાખ પદ રચ્યાં. ‘દૃઢ ઈન ચરણન કેરો ભરોસો’ એ પદ પણ અહીં જ ગવાયું હતું. અહીં સૂરદાસજીનું દ્વાર છે.

બેઠકજીના પરિસરમાં પ્રવેશતાં ડાબી બાજુએ બે બેઠકજી બિરાજે છે. તેમાંનાં એક શ્રીગુસાંઈજીનાં વિપ્રયોગનાં બેઠકજી છે. કૃષ્ણદાસ અધિકારીએ શ્રીગુસાંઈજીને શ્રીનાથજીનાં દર્શન બંધ કર્યાં, ત્યારે શ્રીગુસાંઈજી છ માસ અહીં બિરાજ્યા હતા. અહીં વિપ્રયોગરસનો અનુભવ કરી શ્રીનાથજીને વિજ્ઞપ્તિઓ લખી હતી. શ્રીનાથજીના મંદિરની એક બારી આ દિશામાં પડતી હતી. તેમાંથી શ્રીનાથજી તેમને દર્શન આપતા.

બાજુમાં બીજાં બેઠક શ્રીદાઉજી મહારાજનાં છે.

આમ, અહીં કુલ સાત બેઠકો બિરાજે છે. સર્વસ્થળે ઝારીચરણસ્પર્શનો આનંદ વૈષ્ણવો લે છે.



આન્યોર

ચંદ્રસરોવરથી દાનઘાટી પાછા આવી, ત્યાંથી આન્યોર જતા રસ્તે આન્યોર જવાય છે.

સારસ્વત કલ્પમાં શ્રીઠાકોરજીએ આ સ્થળે શ્રીગોવર્ધનયજ્ઞ કર્યો હતો. શ્રીગિરિરાજજીનું પૂજન કરી અન્નકૂટ ધર્યો હતો. શ્રીઠાકોરજીએ હજાર હસ્ત ધારણ કરી અન્નકૂટ આરોગતાં સાક્ષાત દર્શન કરાવ્યાં હતાં. વ્રજભક્તોને આજ્ઞા કરી હતી કે 'આન ઔર' (હજી વધુ લાવો) તેથી આ સ્થળનું નામ આન્યોર પડ્યું.

અહીં સદુપાંડે અને માણેકચંદ પાંડે નામના બે બ્રાહ્મણભાઈઓના પરિવાર વસતા હતા. અહીંના વ્રજવાસીની ગાય શ્રીગિરિરાજજી ઉપર જઈ આપમેળે દૂધ સ્રવી આવતી હતી. તે સ્થળેથી જ શ્રીનાથજી પ્રગટ થયા. તેથી આ સ્થળનું ઘણું મહત્ત્વ છે.

ગામના બીજા છેડા તરફ જતા સંકર્ષણ કુંડ છે. તે શ્રીકુંભનદાસજીનું શ્રીગિરિરાજજીનું દ્વાર કહેવાય છે. ત્યાંથી શ્રીગિરિરાજજીની ઉપર જતા છિદ્રશીલા છે. જ્યાં ગાય રોજ દૂધ ઝરતી. તે સ્થળે પ્રાચીન મંદિર છે. તેમાં ગાજનીવાજની શિલા છે.

શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ઘણા સેવકો અહીંના હતા.

શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી (આન્યોર)

ગામની વચ્ચે સદુપાંડેજીનું ઘર છે. સંવત ૧૫૪૯માં શ્રીનાથજીની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે અહીં વિશ્રામ કર્યો હતો. સદુપાંડે પાસેથી શ્રીનાથજીના પ્રાગટ્યનો ઈતિહાસ જાણ્યો હતો. સદુપાંડેની દીકરી નરો પર્વત પર જઈ શ્રીનાથજીને દૂધ આરોગાવીને પાછી આવી, ત્યારે મટકીમાં વધેલું પ્રસાદી દૂધ માગીને શ્રીમહાપ્રભુજી આરોગ્યા હતા.

અહીંથી જ બીજે દિવસે તેઓ શ્રીગિરિરાજજી પર પધાર્યા હતા. ત્યાં શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીનું પ્રથમ મિલન થયું હતું.

શ્રીમહાપ્રભુજી આન્યોરમાં દશ દિવસ સુધી બિરાજ્યા હતા. સદુપાંડેના ઘરમાં બિરાજી શ્રીભાગવત્‌નું પારાયણ કર્યું હતું. તેથી ત્યાં તેમનાં બેઠકજી બિરાજે છે. સદુપાંડેના વંશજો આજ સુધી અહીં સેવા કરે છે. અહીં અપરસ કડક છે. તેથી ઝારી ચરણસ્પર્શ કરવા ફરી સ્નાન કરવું પડે છે. વ્રજની અપરસ ચાલતી નથી.

શ્રીમહાપ્રભુજીની બેઠકજીના પાછળના ભાગમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં શ્રીગિરિરાજજીના એક શિલાખંડ પર દહીંકટોરાનું ચિહ્ન છે. શ્રીઠાકોરજી ગ્વાલબાલ સાથે અહીં છાક આરોગવા બિરાજતા.

ગોવિંદ કુંડ

આન્યોર ગામના ગોંદરે ગોવિંદકુંડ આવેલો છે. અહીં ઈંદ્રદેવે ભગવાન શ્રીકૃષ્ણનો દૂધથી અભિષેક કરી ગોવિંદ પદવી આપી હતી. તેથી આ સ્થાન ઉપર બનેલા કુંડનું નામ ગોવિંદકુંડ છે. તે દૂધથી ભરેલો છે, એવી ભાવના છે. સ્કંદપુરાણ મુજબ આ કુંડમાં શુદ્ધ મનથી સ્નાન કરનારનો મોક્ષ થાય છે. માનસીગંગા કરતાં પણ આ કુંડનું માહાત્મ્ય વધારે છે.

નજીકમાં શ્રીગોવિંદબિહારીનું મંદિર છે. વ્રજના એક સંત ચતુરા નાગા થયા. તેમની લાલ પથ્થરની શિખરદાર સમાધિ અહીં છે. નજીકમાં ગંધર્વકુંડ અને ગંધર્વવૃક્ષ છે. પાસે શ્રીનાથજીનું પ્રાચીન મંદિર પણ છે, તેમાં શ્રીનાથજીનું સ્વરૂપ બિરાજે છે.

અહીં કુંભનદાસજી, ચતુર્ભુજદાસજી, રસખાનજી જેવા ભગવદીયોએ વિરહમાં દિવસો વીતાવ્યા હતા.

આ કુંડમાં સ્નાન કરી શ્રીગુસાંઈજી વગેરે શ્રીનાથજીની સેવામાં પર્વત ઉપર પધારતા.

વ્રજભક્તોની ઈચ્છાથી શ્રીઠાકોરજીએ વ્રજભક્તો સાથે વર્તુળાકાર ઊભા રહી પરસ્પરના હાથ પકડી આ કુંડના જળમાં ડૂબકી મારી, સ્નાન કર્યું હતું. શ્રીઠાકોરજીએ આ કુંડનું જળ સદા માટે દૂધમય બનાવ્યું હતું.

અહીં અચ્યુતદાસ નામના ભગવદીય રહેતા. તેઓ સદા માનસી સેવામાં નિમગ્ન રહેતા. શ્રીગુસાંઈજી તેમને નિત્ય દર્શન આપવા અહીં પધારતા.

श्री महाप्रभु जी बैठक

શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી (ગોવિંદકુંડ)

ગોવિંદકુંડ ઉપર શ્રીગિરિરાજજીની છાયામાં કદંબના વૃક્ષ નીચે શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી છે. શ્રીમહાપ્રભુજીએ અહીં બિરાજી ત્રણ દિવસ શ્રીભાગવતનું પારાયણ કર્યું હતું. તેમણે કૃષ્ણદાસ મેઘનની ઈચ્છાથી તેમને શ્રીગિરિરાજની કંદરામાં વ્યાપી વૈકુંઠનાં દર્શન કરાવ્યાં હતાં.

શ્રીમહાપ્રભુજીએ પોતાના સેવકોને શ્રીગિરિરાજજીની શિલા પર શ્રીસ્વામિનીજીએ સ્વહસ્તે લખેલ, 'શ્રીકૃષ્ણપ્રેમામૃત' ગ્રંથનાં દર્શન કરાવ્યાં હતાં. તેમાં શ્રીઠાકોરજીનાં એકસો અઢાર નામ છે. શ્રીમહાપ્રભુજીએ તે ગ્રંથનો અહીં પાઠ કરી સૌને શ્રવણ કરાવ્યું હતું. તે વખતે ત્યાં શ્રીકૃષ્ણચૈતન્ય અને કેશવભટ્ટ કાશ્મીરી હાજર હતા. શ્રીમહાપ્રભુજીએ શ્રીકૃષ્ણચૈતન્યને તે ગ્રંથનું દાન કર્યું, કારણ કે શ્રીજગન્નાથજીની આજ્ઞા હતી. કેશવભટ્ટ માયાવાદી હોવાથી તેમને તે ગ્રંથનું દાન ન કર્યું.

અહીં શ્રીમહાપ્રભુજીની સેવા સુંદર રીતે થાય છે. વૈષ્ણવો લાભ લે છે.

તળેટીમાં આવેલી કુંજ નિકુંજો

ગોવિંદકુંડની સામેથી શ્રીગિરિરાજજી ઉપર જતાં શ્રીનાથજીની મુકુટટોપીનાં દર્શન છે. શ્રીસ્વામિનીજીના હસ્તાક્ષર અને શ્રીનાથજીની ચૌદ છડીઓનાં ચિહ્નનાં દર્શન છે. ત્યાંથી આગળ સિંદુરી શિલા છે. તેના ઉપર આંગળી ઘસતાં આંગળી લાલ થાય છે. અહીંથી જતિપુરા જવાનો માર્ગ છે. તે ચરણઘાટી અથવા ગોવિંદઘાટીના નામે ઓળખાય છે.

પૂછરી જતાં તળેટીમાં એક શિલા છે. તેમાં શ્રીનાથજીને શ્રીરાધાજી દહીં આપે છે. તેમના ચરણકમલમાં બળદ પર બેઠેલા મહાદેવજી છે. દૂર મનસુખા ગોપ ઊભા છે, એવું દર્શન દૂરથી થાય છે. આ ચિહ્ન કુદરતી છે.

ત્યાંથી આગળ દક્ષિણ દિશામાં શ્રીગિરિરાજજીની ચોવીસ કંદરા છે. શ્રીઠાકોરજી ત્યાં નિત્યલીલા કરતા.

ચતુર્ભુજદાસ એક દિવસ સવારે શ્રીનાથજીની માળા માટે ફૂલ વીણવા અહીં આવ્યા, ત્યારે તેમને અહીં ગિરિકંદરાના દ્વારે ઉભેલા શ્રીયુગલસ્વરૂપનાં અલૌકિક દર્શન થયાં હતાં.

ત્યાંથી આગળ જતા નવલકુંડ પાસે રામદાસજીની ગુફા છે. રામદાસજી શ્રીનાથજીના પહેલા મુખિયાજી હતા. અહીં એકાંતવાસ કરી વિરક્ત અવસ્થામાં રહેતા હતા.



નવલકુંડ અને અપ્સરાકુંડ

આગળ ચાલતાં નવલકુંડ આવે છે. ત્યાં શ્રીનવલબિહારીનું મંદિર છે. તેની એક બાજુ રામદાસજીની ગુફા છે. બીજી બાજુ શ્યામતમાલના વૃક્ષ નીચે છીતસ્વામીનું સ્થાન છે. તે છીતસ્વામીજીનું શ્રીગિરિરાજજીનું દ્વાર છે.

નજીકમાં જ અપ્સરાકુંડ છે. તેની બાજુમાં શ્રીઅપ્સરાબિહારીજીનું મંદિર છે. ઈંદ્રની સાથે આવેલી અપ્સરાઓએ અહીં શ્રીઠાકોરજી સમક્ષ નૃત્ય કરી, શ્રીઠાકોરજીને રીઝવ્યા હતા. તેથી આ સ્થળે આવેલા કુંડનું નામ અપ્સરાકુંડ છે. આ અલૌકિક સ્થાન છે. ચોમેરે વૃક્ષોની સઘન ઘટા અને શ્રીગિરિરાજજીની તળેટી છે. અહીંની વનશ્રી અલૌકિક આનંદ અને સાત્ત્વિક ભાવનો ઉદય કરે છે. અહીંથી પરિક્રમા કરનાર શ્રીગિરિરાજજીની સન્મુખ આવી જાય છે.

સારસ્વત કલ્પમાં ગોવર્ધનયજ્ઞ કરવા આવેલા નંદરાયજી અને વ્રજવાસીઓના ડેરા અહીં થયા હતા. અહીં શ્રીકૃષ્ણે અપ્સરાકુંડમાં સ્નાન કર્યું હતું.



પૂછરીના લોઠા

શ્રીઠાકોરજી રાસમાંથી અદશ્ય થયા, ત્યારે તેમને શોધતાં ગોપીજનો અહીં આવ્યાં. તે વખતે ભગવાનના મિત્ર અને ઉંમરમાં મોટા એવા એક ગોપ અહીં બેઠા હતાં. તેમને જોઈને ગોપીજનો ઊભાં રહી ગયાં. ભગવાનથી ઉંમરમાં મોટા હોઈ, તેમને જેઠ જેવા સમજી, ભગવાનનો પત્તો પૂછવામાં ગોપીજનો શરમ અનુભવતાં હતાં. તેથી એકબીજાના કાનમાં ધીમેથી કહેતાં, ''પૂછરી'' તેનો અર્થ થાય - 'અલી, પૂછ'. તેથી આ સ્થળનું નામ પૂછરી પડ્યું.

તે ગોપ હટ્ટાકટ્ટા બળવાન હતા. શ્રીકૃષ્ણે જ્યારે શ્રીગિરિરાજ ઉંચકવા માંડ્યો, ત્યારે તે ગોપ પર્વતના આ સ્થાન પર બેસી ગયા. તેથી શ્રીકૃષ્ણે તેમના બળની પ્રશંસા કરતાં કહ્યું : ''તું લોઠો (મહાબળવાન) છે. પર્વતને છોડી દે. હું તને વચન આપું છું કે અહીં દેવ તરીકે તારી પૂજા થશે.''

ત્યારથી આ ગોપ અહીંના ક્ષેત્રદેવ કહેવાય છે. તેઓ પૂછરીના લોઠાના નામે પ્રસિદ્ધ છે. અહીં તેમનું મંદિર છે. પરિક્રમા કરનાર વૈષ્ણવ અહીં તેમને જયશ્રીકૃષ્ણ કહી આગળ વધે છે.

એક બીજી માન્યતા પ્રમાણે શ્રીગિરિરાજજીનું એક સ્વરૂપ ગાયનું છે. ગાયસ્વરૂપે તેમનું મુખારવિંદ માનસીગંગામાં છે. અને અહીં પૂચ્છ છે. તેથી પણ આ સ્થાન 'પૂછરી' કહેવાય છે.

અહીંથી થોડે દૂર કૃષ્ણદાસજીએ બનાવેલો કૂવો છે.



શ્રીઢૂંકેદાઉજીનું મંદિર

સુરભિકુંડની સામે છપ્પનભોગના સ્થાન પાસે શ્રીગિરિરાજજીની ઉપર શ્રીઢૂંકેદાઉજીનું મંદિર છે. કથા એવી છે કે શ્રીબલરામજી અહીં બિરાજી પર્વતમાં છાનામાના સંતાઈ, નીચા નમી, ડોક ઊંચી કરી, શ્રીકૃષ્ણની લીલાઓનાં દર્શન કરતા. તેથી તેમનું નામ શ્રીઢૂંકાદાઉજી પડ્યું.

આ મંદિરથી આગળ શ્રીગિરિરાજજીમાં ચૌદ કંદરાઓ છે. તેમાં ઘણે દૂર સુધી નજર કરી શકાય છે. શ્રીઠાકોરજી ગૌચારણ કરતા અહીં બપોરે અને વરસાદમાં સખાઓ સાથે વિશ્રામ કરતા.

આ મંદિરની સામે તળેટીમાં નીચે શ્રીબાલકૃષ્ણજીનું મંદિર છે. જે મોટા મંદિર-મુંબઈના તાબાનું છે. હાલ અતિ જીર્ણ સ્થિતિમાં છે. ત્યાં પાસે સુરભિ કુંડ છે.

સુરભિ કુંડ

શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજ સાત દિવસ ધારણ કરીને ઈંદ્રનું અભિમાન તોડ્યું. પોતાની ભૂલનો પસ્તાવો થતાં ઈંદ્ર સ્વર્ગની દેવમાતા સુરભિ ગાયને લઈને વ્રજમાં શ્રીકૃષ્ણ પાસે આવ્યો. પૃથ્વી પરની ગાયોની માતા આ સુરભિ ગાય છે. શ્રીકૃષ્ણે પોતાના વંશની ગાયોનું રક્ષણ કર્યું, એટલે સુરભિ ગાય શ્રીકૃષ્ણને વંદન કરવા આવ્યાં હતાં. ભગવાનને ઈંદ્ર તરીકેનો અભિષેક કરવા માટે બ્રહ્માજીની આજ્ઞા લઈને તેઓ આવ્યાં હતાં. આ સ્થાને તેમણે પોતાના દૂધથી શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો. તેથી આ સ્થાન પર બનેલો કુંડ સુરભિકુંડ કહેવાય છે. વિશાળ લાલ પથ્થરની બાંધણીવાળો છે.

અહીં શ્યામતમાલના વૃક્ષ નીચે પર્ણકુટી બાંધીને શ્રીમહાપ્રભુજીના સેવક પરમાનંદદાસજી રહેતા હતા. તેથી તેમનું અહીં શ્રીગિરિરાજજીનું દ્વાર છે.

એક દિવસ ઘણા ભગવદીય વૈષ્ણવો પરમાનંદદાસજીની પર્ણકુટિએ પધાર્યા. પરમાનંદદાસજી ઘણા પ્રસન્ન થયા. તેમણે પોતાનું મહાભાગ્ય માન્યું. તેમણે વિચાર કર્યો કે જેમના હૃદયમાં ભગવાન બિરાજે છે એવા ભગવદીયોની સેવા કરવા માટે મારી પાસે કંઈ નથી. તેમણે ભગવદીયોના સ્વાગતમાં એક પદ ગાઈ તે દ્વારા પોતાની જાત ભગવદીયો ઉપર ન્યોછાવર કરી.



છપ્પનભોગનું સ્થાન (સુરભિકુંડ)

સુરભિકુંડની સામે છપ્પનભોગનું સ્થાન છે. આરસથી બાંધેલું સુંદર છે. ત્યાં શ્રીગિરિરાજજી બિરાજે છે. વ્રજપરિક્રમા વખતે અહીં શ્રીગિરિરાજજીનો છપ્પનભોગ થાય છે. જતિપુરા આવતા વૈષ્ણવો પણ શાંતિથી અને આનંદથી એકાંતમાં શ્રીગિરિરાજજીની સેવા કરવા અહીં આવે છે. મુખારવિંદ ઉપર જે પ્રકારે શ્રીગિરિરાજજીનું પૂજન થાય છે. તે જ પ્રકારે અહીં પણ થાય છે.

સારસ્વત કલ્પમાં શ્રીકૃષ્ણની આજ્ઞાથી ગોવર્ધનયજ્ઞ કરવા આવેલા વૃષભાનજી વગેરે વ્રજવાસીઓનો મુકામ અહીં હતો. અહીં સૌના ડેરા તંબુ નંખાયા હતા. દિવાળીની રાતે બધાં વ્રજવાસીઓ પરિક્રમા કરવા ગયાં. ત્યારે શ્રીકૃષ્ણ અહીં શ્રીરાધાજીના તંબુમાં એમની સાથે ચોપાટ રમ્યા હતા. તેમાં બધુ હારી ગયા હતા. શ્રીયુગલસ્વરૂપની ચોપાટખેલની લીલા અહીં થઈ હતી, તેથી આ અલૌકિક સ્થળ છે.

આજે પણ વ્રજયાત્રા વખતે યાત્રુળોઓના ડેરાતંબુ અહીં હોય છે. તે વખતે અહીં એક નાનું નગર વસી જાય છે.

આ સ્થળ અલૌકિક છે. વૃક્ષોથી આચ્છાદિત શાંત, એકાંત અને રમણીય છે.



ગોવિંદ સ્વામીની કદંબખંડી

સુરભિકુંડથી આગળ જતાં નજીકમાં જ ઐરાવતકુંડ છે. તેને ત્યાંના લોકો હાથિયાપદ કુંડ પણ કહે છે. અહીં ઐરાવત હાથીએ આકાશગંગાના જળથી શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો હતો. તેથી આ સ્થળે બનેલો કુંડ ઐરાવત કુંડ કહેવાય છે. તે ત્રણ બાજુથી પાકા પથ્થરનો બાંધેલો છે. ચોથી બાજુથી હાથી પાણી પીવા કુંડમાં ઉતરી શકે તેવો છૂટો છે.

આ કુંડની પાસે ગોવિંદસ્વામીની કદંબખંડી છે. કદંબનાં વૃક્ષોની સઘન ઘટા છે. તેમા ગોવિંદસ્વામીની સમાધિની ગુફા છે. તે પ્રત્યક્ષ દેખાય છે. પરંતુ તેમાં કોઈ જઈ શકતું નથી. અહીં શ્રીગોવિંદબિહારીજીનું મંદિર છે. રાસનો ચોતરો છે. ગોવિંદસ્વામીની બેઠક પણ છે. શ્રીઠાકોરજીનું હિંડોળા ઝુલનનું સ્થળ છે. અહીં ગોવિંદસ્વામી સાથે શ્રીનાથજી દરરોજ ખેલતા. બંને વચ્ચે સખ્યભક્તિ હતી. અહીં તેમનું શ્રીગિરિરાજજીનું દ્વાર છે.

શ્રીકૃષ્ણે સાત દિવસ ગિરિરાજધારણ કર્યા પછી વરસાદ બંધ થયો. વ્રજવાસીઓનું રક્ષણ ભગવાને કર્યું. તેથી બધાં ગોપ-ગોપીઓએ અહીં શ્રીગિરિરાજ ધારણ કરનારી શ્રીકૃષ્ણની જમણી ભુજાનું દહીં-દૂધથી પૂજન કર્યું હતું, અને શ્રીકૃષ્ણને આશીર્વાદ આપ્યા હતા.

આ સ્થાન પણ ઘણું અલૌકિક છે. વ્રજનાં લાલ મોંવાળાં બંદર અને ગાયો અહીં વિશેષ જોવા મળે છે.

હરજી કુંડ

પરિક્રમાના માર્ગની ડાબી બાજુ જતિપુરા ગામ તરફ હરજીકુંડ આવેલો છે. હરજી નામના ગ્વાલના નામ ઉપરથી આ કુંડનું નામ હરજીકુંડ પડ્યું છે.

હરજી ગ્વાલ પૂર્વજન્મમાં શ્રીવિષ્ણુસ્વામીના શિષ્ય હતા. તેમણે સાતસો વર્ષ સુધી શ્રીમદ્ભાગવતનો પાઠ કર્યો હતો. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી તેમનો વ્રજમાં જન્મ થયો. તેઓ શ્રીગુસાંઈજીના સેવક થયા. તેમણે શ્રીનાથજીની ગાયોની સેવા કરી. શ્રીનાથજીની ગાયોને પાણી પીવા માટે તકલીફ હતી. તેથી તેમણે આ કુંડ બનાવડાવ્યો. શ્રીનાથજીની ગાયો ત્યાં પાણી પીતી.

આજે આ કુંડના જળનો ઉપયોગ આન્યોરના લોકો ન્હાવાધોવા, વાસણ માંજવા, કપડાં ધોવા અને રસોઈ વગેરેમાં કરે છે.



નિત્યલીલાસ્થ શ્રીગોસ્વામીબાળકોના તુલસીક્યારા

શ્રીગિરિરાજજીના મુખારવિંદ પાસે તળેટીમાં નિત્યલીલામાં પધારેલા શ્રીગોસ્વામીબાળકોના તુલસીક્યારા છે. વાસ્તવમાં તે સમાધિ જેવી નાની મોટી દેરીઓ છે. જે ગોસ્વામીબાળકોનો વંશ ચાલ્યો ન હોય તેમની દેરી ઘુમ્મટવાળી હોય છે. નિત્યલીલામાં પધારનારા દરેક ગોસ્વામીબાળક, વહુજી, બેટીજીનાં અસ્થિ અહીં દાટવામાં આવે છે. તેને તુલસીક્યારા કહે છે. તે સ્થાન તેમની નિત્યલીલાનું પ્રવેશદ્વાર છે, એવી ભાવના છે. અહીંથી તેઓ શ્રીગિરિરાજજીની ભીતર નિત્યલીલામાં પધાર્યા છે. એ ભાવથી અહીં તેમને વૈષ્ણવો દંડવત કરે છે.

આ તુલસીક્યારા સમય જતાં જીર્ણ થયા હતા. હાલમાં તેમનો જીર્ણોદ્ધાર થયો છે. આ સ્થાનને સુરક્ષિત બનાવવા ચારે બાજુ દિવાલ ચણી કંપાઉન્ડ બનાવવામાં આવ્યું છે. અંદર પ્રવેશવા દરવાજો મૂકાયો છે. આ સ્થાનની સાફ-સફાઈ થતી રહે છે. અહીં સૌ બાળકોને દંડવત્ કરીને વૈષ્ણવો મુખારવિંદે પહોંચે છે.



રુદ્ર કુંડ

જતિપુરાથી ગાંઠોલી ગામ તરફ જવાના રસ્તે કેસરીયા મંડળીની ધર્મશાળા પાસે રુદ્રકુંડ આવેલો છે. હાલ તે અતિશય જીર્ણ સ્થિતિમાં ઉજ્જડ છે. તેનો જીર્ણોદ્ધાર જરૂરી છે.

રાસમાંથી અદૃશ્ય થયેલા શ્રીઠાકોરજી ગોપીજનોને ન મળ્યા, ત્યારે થાકેલાં વિરહથી દુ:ખી થયેલાં ગોપીજનો અહીં સમૂહમાં બેઠાં હતાં. અહીં તેમણે વિરહ તાપથી ગોપીગીત ગાયું હતું. શ્રીકૃષ્ણની લીલાઓનું અહીં અનુકરણ કર્યું હતું. કોઈ સાધનથી શ્રીકૃષ્ણ ન મળ્યા એટલે ગોપીજનોએ આખરે મન મૂકીને સુસ્વરે અહીં રુદન કર્યું હતું. ત્યારબાદ તેમની વચ્ચે શ્રીઠાકોરજી પ્રગટ થયા હતા.

ગોપીજનોના રુદનનું આ સ્થળ હોવાથી અહીં બનેલા કુંડનું નામ રુદ્રકુંડ છે. જાણે તે ગોપીજનોનાં આંસુઓના જળથી બન્યો ન હોય!

અહીં આંબલીના વૃક્ષ નીચે ચતુર્ભુજદાસજીનું દ્વાર છે.

આ સ્થળ આજે તદ્દન ઉપેક્ષિત છે. ત્યાં ગંદકી પણ વિશેષ એકઠી થઈ છે. આખા સ્થળનો જીર્ણોદ્ધાર અતિ આવશ્યક છે.



શ્રીગુસાંઈજીનું લીલાપ્રવેશદ્વાર (તુલસીક્યારો)

શ્રીગિરિરાજજીના મુખારવિંદની બાજુમાં આપણા જમણા હાથ તરફ શ્યામ ગ્રેનાઈટ પત્થરનો બનેલો એક ઊંચો તુલસીક્યારો છે. તે શ્રીગુસાંઈજીના લીલાપ્રવેશનું દ્વાર કહેવાય છે. અહીંથી શ્રીગુસાંઈજી તેમના સેવક ગોવિંદસ્વામીને સાથે લઈ સદેહે શ્રીગિરિરાજજીની ભીતર નિત્યલીલામાં પધાર્યા હતા. તેમણે પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીને તે વખતે અગ્નિસંસ્કાર કરવા પોતે ઓઢેલો ઉપરણો આપ્યો હતો.

શાસ્ત્ર કહે છે કે ભગવાન પૃથ્વી ઉપર લૌકિક મનુષ્યની જેમ જન્મ-મૃત્યુ લેતા નથી. તેઓ સ્વતઃ પ્રગટ થાય છે, અને સદેહે નિત્યલીલામાં પાછા પધારે છે. શ્રીકૃષ્ણ, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય આજ પ્રકારે થયું. તેઓ સ્વતઃ પ્રગટ થયા. નિત્યલીલામાં પણ સદેહે પધાર્યા.

શ્રીગુસાંઈજીની નિત્યલીલાનું આ દ્વાર હોવાથી અહીં વૈષ્ણવો શ્રીગુસાંઈજીને દંડવત કરે છે.

આવી જ રીતે શ્રીમહાપ્રભુજીનો તુલસીક્યારો દંડવતી શિલા પાસે છે. ત્યાં શ્રીમહાપ્રભુજીનું નિત્યલીલાનું દ્વાર છે એમ ભગવદીયો બતાવે છે.

શ્રીગિરિરાજજીના મુખારવિંદે પાછા આવતાં પરિક્રમા સંપૂર્ણ થાય. કેટલાક ચંદ્રસરોવર છોડી દે તો સાતકોશની પરિક્રમા થાય. કેટલાક રાધાકુંડ ન જાય તો પાંચકોશની પરિક્રમા થાય. કેટલાક દંડવતી પરિક્રમા પણ કરે છે તેનો ઘણો મોટો મહિમા છે.

પરિક્રમા પૂરી થતાં શ્રીગિરિરાજજીને અને શ્રીમહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત કરીએ.

20 12 '93